भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम्

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

सत्यमेव जयते

**UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ મુજબ રાજ્યની ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓ/ કોલેજો/ યુનિવર્સિટીઓમાં સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટીની રચના અને તમામ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂંક કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

**શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૯/Ombudsperson/ખ-૧**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા:૧૬/૦૬/૨૦૨૩**

**<u>સંદર્ભ</u>:** (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીનું UGC (Redress of Grievances of Students) Regulations, ૨૦૧૯ અંગેનું તા:૦૬/૦૫/૨૦૧૯નું નોટીફિકેશન

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૬/૦૮/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

(૩) શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૯/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

(૪) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીનું UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ અંગેનું તા:૧૧/૦૪/૨૦૨૩નું નોટીફિકેશન

**<u>પ્રસ્તાવના</u>:**

સંદર્ભ (૧)માં દર્શાવેલ UGC (Redress of Grievances of Students) Regulations, ૨૦૧૯ અન્વયે સંદર્ભ (૨)ના ઠરાવથી રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ ખાતે લોકપાલની નિયુક્તિ માટે સર્ચ કમિટીની રચના કરવામાં આવી હતી અને સંદર્ભ (૩)ના ઠરાવથી રાજ્યની તમામ કોલેજો/યુનિવર્સિટીઓમાં અલગ-અલગ ૪(ચાર) સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી (SGRC)ની રચના કરી એક ફરિયાદ નિવારણ તંત્ર ઊભુ કરવામાં આવ્યું હતુ.

તાજેતરમાં સંદર્ભ (૪)માં દર્શાવેલ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હીના તા.૧૧/૦૪/૨૦૨૩ના નોટીફિકેશનથી પ્રસિદ્ધ કરેલ UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ના પારા (૫) મુજબ રાજયની તમામ યુનિવર્સિટીઓ/સંસ્થા/કોલેજોમાં સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી(SGRC)ની રચના કરવા અને દરેક યુનિવર્સિટીના અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો/સંસ્થાઓના વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂંક કરવા માટે નોટિફીકેશન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ એ UGC (Redress of Grievances of Students) Regulations, ૨૦૧૯ને Supersession (અધિક્રમણ/રદ) કરીને બનાવેલ હોવાથી સંદર્ભ (૨) અને (૩)ના ઠરાવો રદ કરી

સંદર્ભ (૪) મુજબ રાજયની ઉચ્ચ શિક્ષણ સંબંધિત તમામ યુનિવર્સિટીઓ/સંસ્થાઓ/કોલેજોમાં સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી(SGRC)ની રચના કરવા અને રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:

પુખ્ત વિચારણાને અંતે UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ને અનુલક્ષીને રાજ્યની ઉચ્ચ શિક્ષણ સંબંધિત તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને ખાનગી કોલેજો/સંસ્થાઓ અને યુનિવર્સિટી કક્ષાએ નીચે મુજબ સ્ટુડન્ટ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી (SGRC)ની રચના કરવા અને દરેક યુનિવર્સિટીના અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો/સંસ્થાઓના વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂક કરવાનું ઠરાવવામાં આવે છે.

**૧. STUDENT GRIEVANCE REDRESSAL COMMITTEES (SGRC)**:

i. પીડિત વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ સંસ્થાને સંબંધિત કોઈપણ ફરિયાદ નીચે મુજબની સંરચનાવાળી SGRC કમિટીને મોકલવાની રહેશે. સંસ્થાને સંબંધિત ફરિયાદ વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિ (SGRC)ના ચેરપર્સનને સંબોધીને કરવાની રહેશે.

ii. દરેક સંસ્થાએ વિદ્યાર્થીઓની ફરીયાદોને ધ્યાને લઈ એટલી સંખ્યામાં નીચેની સંરચના મુજબની વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિઓ (SGRC) ની રચના કરવાની રહેશે,

| | | |
|---|---|---|
| a. ચેરપર્સન | - | એક પ્રોફેસર |
| b. સભ્યો | - | સંસ્થાના ચાર પ્રોફેસર/વરિષ્ઠ ફેકલ્ટી સભ્યો. |
| c. વિશેષ આમંત્રિત | - | શૈક્ષણિક ગુણવત્તા/ રમતગમતમાં ઉત્કૃષ્ઠતા/ સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં પ્રદર્શનના આધારે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓમાંથી નામાંકિત એક પ્રતિનિધિ |

iii. ઓછામાં ઓછા એક સભ્ય અથવા અધ્યક્ષ મહિલા હોવા જોઈએ અને ઓછામાં ઓછા એક સભ્ય અથવા અધ્યક્ષ SC/ST/OBC શ્રેણીમાંથી હોવા જોઈએ.

iv. ચેરપર્સન અને સભ્યોના કાર્યકાળની મુદ્દત ૨(બે) વર્ષ રહેશે.

v. વિશેષ આમંત્રિતનો કાર્યકાળ ૧(એક) વર્ષ રહેશે.

vi. વિશેષ આમંત્રિતને બાદ કરતાં ચેરપર્સન સહિત બેઠકની ગણપૂર્તિ(કોરમ) ત્રણ સભ્યોની રહેશે.

vii. SGRC કમિટીએ ફરિયાદો પર વિચારણા કરતી વખતે કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કરવાનું રહેશે.

viii. SGRC કમિટીએ ફરિયાદ મળ્યાના ૧૫ દિવસની અંદર પોતાનો અહેવાલ, જો કોઇ ભલામણ હોય તો તેની સાથે, સંબંધિત સંસ્થાના સક્ષમ સત્તાધિકારી (પ્રિન્સિપાલ સમકક્ષ)ને મોકલવાનો રહેશે તથા તેની એક નકલ પીડિત વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને મોકલવાની રહેશે.

ix. SGRCના નિર્ણયથી અસંમત કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની, આ નિર્ણય મળ્યાની તારીખથી ૧૫ (પંદર) દિવસની સમયમર્યાદામાં લોકપાલને અપીલ કરી શકશે.

**૨. Appointment, Tenure, Removal and Conditions of Services of Ombudsperson:**

i. દરેક યુનિવર્સિટી, યુનિવર્સિટીના અને યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજો/સંસ્થાઓ વિદ્યાર્થીઓની ફરિયાદોના નિવારણ માટે લોકપાલની નિમણૂંક કરશે.

ii. એક અથવા વધુ અંશકાલિક કાર્યકર્તાઓ લોકપાલ તરીકે નિયુક્ત કરવાના રહેશે જે SGRC ના નિર્ણયો સામે અપીલ સાંભળવા અને નિર્ણય લેવા માટે રહેશે.

iii. લોકપાલ તરીકે નિવૃત્ત વાઈસ ચાન્સેલર **અથવા** નિવૃત્ત પ્રોફેસર (અગાઉ ડીન/એચઓડી તરીકે ફરજો બજાવી હોય તેવા) અને રાજ્ય/કેન્દ્રીય યુનિવર્સિટીઓ/રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓ/ ડિમ્ડ યુનિવર્સિટીઓમાં પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોય **અથવા** નિવૃત જિલ્લા ન્યાયાધીશ રહેશે.

iv. લોકપાલની નિમણૂંક સમયે, તેઓની નિમણૂંક અગાઉના એક વર્ષના સમયગાળા દરમિયાન કે લોકપાલ તરીકેની તેઓની સંપૂર્ણ અવધિ દરમિયાન, એવી કોઇ સંસ્થા સાથે તેઓનો Conflict of Interest ન હોવો જોઇએ કે જેથી તેઓના સંસ્થા સાથેના વ્યક્તિગત સંબંધો, વ્યાવસાયિક સંબંધો કે આર્થિક હિતોને કારણે, સંસ્થા પ્રત્યે નિર્ણય લેવાના સંજોગોમાં, નિર્ણય લેવાની સ્વતંત્રતા સાથે સમાધાન થાય કે સમાધાન થવાની શક્યતા જણાય.

v. લોકપાલની નિમણૂંક ત્રણ વર્ષના સમયગાળા માટે અથવા પદ ગ્રહણ કર્યાની તારીખથી ૭૦ વર્ષની ઉંમર થાય તે બે પૈકી જે વહેલું હોય તે મુજબ કરવાનું રહેશે, અને તેઓ બીજી એક મુદત માટે પુનઃનિયુક્તિ માટે પાત્ર રહેશે.

vi. સંબંધિત યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત ધોરણો મુજબ સુનાવણી હાથ ધરવા માટે લોકપાલને પ્રતિ દિવસ એક બેઠક ફી ચૂકવવાની રહેશે અને વધુમાં, વાહનવ્યવહાર પર થયેલ ખર્ચ માટે રિએમ્બર્સમેન્ટને પાત્ર રહેશે.

vii. યુનિવર્સિટી લોકપાલને, સાબિત ગેરવર્તણૂક અથવા ગેરવર્તનના આરોપસર પદ પરથી દૂર કરી શકાશે.

viii. ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશના દરજ્જાથી નીચે ન હોય તેવા વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી તપાસ જેમાં લોકપાલને સુનાવણીની વાજબી તક આપવામાં આવેલ હોય છે તે સિવાય લોકપાલને દૂર કરવાનો કોઈ આદેશ કરવાનો રહેશે નહીં.

૩. પ્રત્યેક સંસ્થાએ પોતાના Prospectusના પ્રકાશન વગરે માટે UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ના પારા (૪)નું પાલન કરવાનું રહેશે.

૪. પીડિત વિદ્યાર્થી/વિદ્યાર્થીની પોતાની ફરિયાદ માટે અરજી કરી શકે તે માટે પ્રત્યેક સંસ્થાએ એક ઓનલાઇન પોર્ટલ તૈયાર કરવાનું રહેશે. ફરિયાદ નિવારણ માટે UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ના પારા (૮) અને પારા (૯)માં દર્શાવેલ પ્રક્રિયાને ચુસ્તપણે અનુસરવાનું રહેશે તથા તેનું અનુપાલન ન કરવાના પરિણામ સ્વરૂપે પારા (૧૦) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૫. આ સિવાય પણ સંબંધિત હોય અને ઠરાવમાં ઉલ્લેખિત ન હોય તેવી બાબતોના અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના UGC (Redressal of Grievances of Students) Regulations, ૨૦૨૩ અંગેના તા.૧૧/૦૪/૨૦૨૩ના નોટીફિકેશનમાં દર્શાવેલ જોગવાઈઓ આખરી રહેશે અને દરેક સંસ્થાએ તેનું પાલન કરવાનું રહેશે.

૬. સદરહું ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલાયદા પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (ઉ.&ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ઉ.&ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કુલસચિવશ્રી, સર્વે યુનિવર્સિટીઓ. (નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત)
- આચાર્યશ્રી, તમામ કોલેજો/ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ (નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત)
- આચાર્યશ્રી, તમામ કોલેજો/ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓ (નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી (ખ,ખ-૨,ઘ,સ-શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય તરફ વેબસાઈટ પર મૂકવા સારૂ
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.